# પ્રકરણ ૧
# કુકરમુંડા તાલુકાનો સામાન્ય પરિચય

પ્રસ્તાવના

વિશ્વમાં કુલ આદિવાસીઓની વસ્તી ૪૦ કરોડ જેટલી અંદાજિત છે. તેમ ભારતમાં ૧૦ કરોડ જેટલી હોવાનું મનાય છે. ભારતના ઘણાબધા રાજ્યોમાં વસનારી આદિવાસીઓની વસ્તીમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ આમ પશ્ચિમ ભારતના આ રાજ્યોમાં ખૂબ જ પ્રમાણમાં એટલે કે ૧૦ કરોડની આસપાસ આદિવાસીઓ વસે છે. ભારતમાં આદિવાસીઓ ભીલ અને ગોંડ એ પ્રમુખ જાતિ છે. સાંસ્કૃતિક વિવિધતા અને બોલીઓની તથા પારંપરિક વિવિધાતાઓ સાથે વસનારી આ ભીલ તરીકે ઓળખવામાં આવતી જાતિઓના તહેવારો, ઉત્સવો અને રીતિનીતિમાં પણ વિવિધતા જોવા મળે છે.

આપણાં રાષ્ટ્રમાં દરેક પ્રદેશની, દરેક જાતિની પોતાની આગવી કહી શકાય તેવી લોકસંસ્કૃતિ છે. પ્રત્યેક પ્રજા કે જાતિને વિશિષ્ટ ઓળખ આપતું અથવા તેના જન જીવનને પ્રતિબિબ કરતું એક લોક-વાઙ્મય હોય છે. તે તેની સંસ્કૃતિ કહી શકાય, તેમ ગુજરાતમાં વસતા આદિવાસીઓની પણ એક આગવી સંસ્કૃતિ છે. અંહી તેનો પરિચય અને રસદર્શન કરાવવાનો ઉપક્રમ છે.

ગુજરાતમાં રાજ્યની પૂર્વપટ્ટી વિસ્તારમાં આદિવાસીઓની પ્રમુખ વસતી છે. જેમાં ઉત્તર-પૂર્વ તરફથી લઈએ તો બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આદિવાસીઓની પ્રમુખ વસતી છે; જે ગુજરાતની કુલ વસતીના લગભગ ૧૫ ટકા જેટલી હોવાનું વસતી ગણતરીના આંકડા પરથી જણાય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર, કચ્છ અને ખેડા જિલ્લામાં પણ આદિવાસીનો વસવાટ છે. જોકે હવે ગુજરાતનાં ઘણા શહેરોમાં પણ નોકરી-રોજગાર અર્થે આદિવાસીઓ સ્થાયી થાય છે. પરંતુ મુખ્યતઃ પૂર્વપટ્ટી યાને અરવલ્લીની ગિરિમાળાથી  વિંધ્યાચલ અને સહ્યાદ્રીની ગિરિમાળાઓ સુધી આદિવાસી પ્રજા ફેલાયેલી છે.

આદિવાસી શબ્દ આદિ+વાસી પરથી બનેલો છે. આદિ એટલે મૂળ અને વાસી યાને વસવાટ કરનાર- એમ ભારતમાં મૂળથી, શરૂઆતથી વસવાટ કરનાર પ્રજા કે જાતિ તે અર્થમાં – આદિવાસી શબ્દ ઉતરી આવેલો છે.

ભારતમાં આર્યોના આગમનને સાડાત્રણ હજાર વર્ષ થયાનું મનાય છે. આ પૂર્વે પરાગ-આર્ય-ઓસ્ટ્રીક જાતિ વસવાટ કરતી હતી. ભારતની આદિવાસી જાતિઓ આ પરંપરામાંથી વિકસિત થઈ હોવાનું મનાય છે.

આદિવાસી પ્રજાને આદિમજાતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ મૂળ વસ્તી એક પ્રજાની સંસ્કૃતિ તે આદિવાસી, એટલે કે આદિવાસી એ એક મૂળભૂત સંસ્કૃતિ છે, સભ્યતા છે. ભારતમાં આ સંસ્કૃતિ વેદકાળ, રામાયણકાળ, કે મહાભારત-સમય જેટલી પ્રાચીન છે. અને તે મહદઅંશે પારંપારિક કે થોડાઘણા બદલાવ સાથે જળવાઈ રહી છે. કોઈપણ મૂળ સંસ્કૃતિનું વહન અને તેની જાળવણી એ સમાજશાસ્ત્રના સંદર્ભે એક મોટી વાત છે.

આદિવાસી સિવાયની અન્ય જાતિઓની સંસ્કૃતિમાં ઓટા પરિવર્તન આવ્યા છે; પણ આદિવાસીએ સંસ્કૃતિ અને તેની આગવી ઓળખ હજુયે અકબંધ રહી છે, જે એક સાંસ્કૃતિક જમા પાસું છે. જોકે આદિવાસી સંસ્કૃતિને અનુસરનારા લોકોની સંખ્યા ઘટતી રહી છે. કારણ કે આ પ્રજામાં શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે અને શહેરોમાં ધંધો-બેરોજગાર મેળવવા વસતા આ જાતિના લોકો શહેરી સંસ્કૃતિમાં ઢળતા જાય છે. જેથી તેમનો મૂળ પહેરવેશ, બોલી, પ્રથાઓ, રીત-રિવાજો વગેરે પરિવર્તન પામ્યા છે. આમ છતાંય મૂળ સંસ્કૃતિને સાચવનાર અને પકડી રાખનાર એક વર્ગ હજુયે વસે છે, તે જમા પાસું છે. આદિવાસીઓને ટ્રાઈબ tribe અથવા એબોરીજનલ Aboriginal (મૂળ રહેવાસી) તરીકે ઓળખવામાં આવે છે.

ટ્રાઈબ શબ્દનો અર્થ સમાજની ઉત્ક્રાંતિના પ્રારંભિક સમયના લોકો અથવા આદિમજાતિ એમ કેટલાક સમાજશાસ્ત્રીઓ કે માનવશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યો છે.

ઈ. સ. ૧૯૯૩ ના નવેમ્બરમાં યુનો દ્વારા પ્રમાણિત મૂળ નિવાસીની ઓળખ આ જાતિ કે પ્રજા માટે આપવામાં આવી છે. ભારતના બંધારણમાં આ જાતિ માટે 'અનુસૂચિત જનજાતિ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જ્યારે યુનોએ ઇંડિજિનિયસ એટલે કે મૂળનીવાસી શબ્દ પ્રયોજ્યો છે.

આદિવાસીઓને પ્રાચીનકાળમાં 'નિષાદ' નામથી ઓળખવામાં આવ્યા છે. નિષાદ જાતિનો ઉલ્લેખ સંહિતા તથા બ્રાહ્મણ ગ્રંથોમાં ભીલના અર્થમાં છે. જ્યારે નિષાદ શબ્દનો અર્થ ભગવદગોમંડલમાં જે આપવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે: આર્ય લોકો આવ્યા તે પહેલા હિંદમાં વસ્તી એ નામની એક અનાર્ય જાતિ.

આદિવાસીઓને જે તે પ્રદેશના મૂળવતની તરીકે ઓળખવામાં આવ્યા છે. અંગ્રેજોના આગમન બાદ તેઓ આદિવાસી તરીકે ઓળખાવા લાગ્યા.

જ્યારે ડૉ. વેરિયાર એલવિનનો મત કહે છે કે, ભારતના આદિવાસીઓ વેડડીડ વંશમાંથી આવ્યો. વેડડીડ સમૂહનું મામકરાં શ્રી લંકાના વેડડા જાતિ પરથી થયું છે.

આદિવાસીઓમાં ધાનકા અને તડવીઓ સ્પસ્ટ રીતે ક્ષત્રિયો હોવાની શક્યતા છે, એમને ભીલો કે અનાર્ય તરીકે ખોટી રીતે ગણી લેવામાં આવ્યા છે.

સંખેડા, નસવાડી, તિલકવાડા તાલુકાઓમાં રહેતા ભીલો પોતાને ભીલ તરીકે ઓળખાવે છે. આ વિસ્તારને મેવાસ તરીકે ઓળખાવામાં આવે છે; જેથી અંહી વસતા ભીલો મેવાસી ભીલ નામે પણ ઓળખવામાં આવે છે, જોકે, અંહી ભીલ અને મેવાસી ભીલ બંને એક જ છે.

## ૧.૧. ગુજરાતનાં આદિવાસીઓનો પરિચય:

ભીલ શબ્દની વ્યુત્પત્તિ:

ભીલ નાનો ભાલો-તીર સાથે રાખતા હોઈ ભીલ કહેવાયા. અન્ય માન્યતા મુજબ ભીલ શબ્દનો મૂળ અર્થ સંસ્કૃતમાં ‘કાપવું’ એવો થાય છે અને દ્રાવિડિયન ભાષામાં ‘બિલ’નો અર્થ બાણ અથવા ‘તીર’ અને કામઠું થાય છે. બંને અર્થ મુજબ તો આ મૂળે જંગલમાં રહેનારી તીર-કામઠું રાખનારી  તથા વૃક્ષ વગેરે કાપનાર થાય છે. આ બધી પ્રજા વન-નિવાસી છે એ નિર્વિવાદ છે.

ભીલોના વસવાટ :

રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં જુદા જુદા કાલે ક્યાંક ને ક્યાંક ભીલોનું વર્ચસ્વ રહેલું ગણાય છે. રાજસ્થાનમાં આવેલ ભીલવાડા શબ્દ જ તેના એક કાળના વસવાટ અને વર્ચસ્વનું સૂચક છે. આ સિવાય ડુંગરપુર ડુંગરાભીલના નામનો અને બાંસવાડા વાસા ભીલના નામનો અને ગલિયાંકોટ એ ગળિયા ભીલના નામનો સૂચક છે.

ગુજરાતનાં ભીલોઃ

ભીલોમાં ભીલ, ભીલ ગરાસિયા ડુંગરી ગરાસિયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે વગેરે. ગુજરાતની પ્રમુખ જનજાતિઓ નીચે મુજબ આપેલ છે.

૧. બરડા

૨. બાવચા

૩. ભરવાડ

૪. ભીલ, ભીલ ગરાસિયા, ઢોલીભીલ, ડુંગરીભીલ, ડુંગરીગરાસિયા, મેવાસીભીલ, રાવલ ભીલ, તડવી ભીલ, ભાગલિયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે.

૫. ચારણ

૬. ચૌધરી

૭. ચૌધરા

૮. ધાનકા, તડવી, તેતરિયા, વલવી

૯. ધોળિયા

૧૦. દુબળા, તલાવીયા

૧૧. ગામિત, ગામતા, ગાવીત, માવચી, પાડવી

૧૨. ગોંડ,રાજગોંડ

૧૩. કાથોડી, કાતકરી,ઢોરકાથોરી, સોનકાતકરી

૧૪. કોંકણા, કોંકણી, કુકણા

૧૫. કોઢિ

૧૬. કોદહી,ઢોર, ટોકરે કોડી, કોડધાં

૧૭. કણબી

૧૮. નાયકડા, નાયકા, ચોલીવાલા, નાયકા, કાપડિયા નાયકા મોટા, નાયકા,

નાના નાયકા

૧૯. પઢાંર

૨૦. પારધી

૨૧. પારધી, ફળસેપારધી

૨૨. પટેલિયા

૨૩. પોમલા

૨૪. રબારી

૨૫. રાઠવા

૨૬. સીદી

૨૭. વાઘરી

૨૮. વારલી

૨૯. વીટોકિયા, કોટવાળિયા, વરોડિયા

## ૧.૨. કુકરમુંડા તાલુકાનો ઇતિહાસ અને ક્ષેત્રફળ

દક્ષિણ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં આવેલા નવા તાપી(વ્યારા) જિલ્લામાં નવો નવ રચિત કુકરમુંડા તાલુકો આવેલ છે. ગુજરાત રાજ્યનો આ છેવાડાનો મહારાસ્ટ્ર રાજ્યને અડીને આવેલો તાલુકાનો ૫ મો ભાગ નર્મદા જિલ્લાના સાગબારાને સ્પર્શે છે. ઉત્તર ભાગ મહારાસ્ટ્રના નંદુરબાર જિલ્લાના અક્કલકુવા તથા તળોદા અને શહાદા તાલુકાઓને અડીને આવેલો છે. સાતપૂડાની હારમાળાઓમાંથી તાપી નદી વહેતી-વહેતી મધ્યપ્રદેશના પોતાના ઉદગમ સ્થાન અમરકંટકથી મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોને પાર કરી કુકરમુંડા તાલુકાના સતોલા ગામથી ડાબરીઆંબા સુધી સ્પર્શીને વહે છે. કેટલાક વિસ્તાર ઉકાઈ જલાશયથી પ્રભાવિત હોય, કેટલાક

વિસ્થાપિત ગામો ઉચ્છલમાં જઈ વસ્યા છે. દક્ષિણમાં તાપી જિલ્લાનો નિઝર તાલુકો આવેલ છે. નિઝર તાલુકાનો વિસ્તાર પણ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના નવાપુર તાલુકાને અડીને આવેલ છે.

ઈ. સ. ૧૯૬૦માં મુંબઈ રાજ્યના ભાગલા પછી ગુજરાતમાં આવ્યા પછી ગુજરાતી ભાષાનું આગમન થયું. તાલુકાના ઘણા બધા લોકો મરાઠી ભાષાના પ્રભાવમાં છે. કેટલાક મરાઠીમાં પણ શિક્ષણ લે છે. ૧૯૬૦ પહેલાના મરાઠી ભણેલા લોકો આજે પણ જીવિત છે જેમણે મરાઠીમાં શિક્ષણ લીધું છે. આમ પણ વ્યાપારિક સંબંધો મહારાષ્ટ્ર સાથે જ રહેલા છે. મહારાષ્ટ્રની સરહદે આવેલ આ નવો તાલુકો મહારાષ્ટ્રના પ્રભાવમાં વધુ હોય એમ લાગે છે. કારણ કે મોટાભાગના વ્યવહારો મહારાષ્ટ્ર રાજ્ય સાથે વધુ થતાં જોવા મળે છે.

તાલુકાનું વડુમથક કુકરમુંડાના ગુરુવારના રોજ હાટવાડો ભરાય છે. કુકરમુંડા વિસ્થાપિત ગામ હોવાથી હાલ રેવન્યુ ગામ ફૂલવાડી સાથે જોડાઈને પંચાયતનો વ્યવહાર ચલાવે છે. ગ્રામપંચાયત ફૂલવાડીના નામથી ચાલે છે. ઈ. સ. ૧૯૭૨માં ઉકાઈ જલાશયથી વિસ્થાપિત થઈ સ્વતંત્ર અસ્તિત્વ ખોઈ પાટી, કોઉથીપાડા, કેળણી, ઉટાંવદ,ગાળીતમાં વિલીન થઈ એક ગામમાં સમાય ગયુ છે. આ બધા ગામો ભેગા મળી કુકરમુંડા તરીકે ઓળખાય છે.

ગુજરાતી ભાષામાં મરાઠી ભાષાનું થોડું થોડું મિશ્રણ જોવા મળે છે. નંદુરબાર જિલ્લાનો એક જિલ્લો વટાવી મધ્યપ્રદેશ રાજ્ય હોવાથી હિંદીનો પ્રભાવ પણ જોવા મળે છે. દેહવાલી, વસાવી, કોટવાલી, આદિવાસીઓની બોલી આ વિસ્તારમાં બોલાય છે. વધુ પડતી વસાવી બોલી તથા દેહવાલી બોલી બોલાય છે. કોટવાલી મહારાષ્ટ્રના તલોદા તથા અક્કલકુવા અને શહાદા તાલુકામાં પ્રભાવ હોવાથી કેટલાક ગામોમાં આ બોલીથી પ્રભાવિત છે.

દા.ત. શું કહી રહ્યો છે?

ડકાઈ આખી રહનો સ?

કુકરમુંડા અને આજુબાજુના વિસ્તારનું લોકનાટ્ય સોંગમાં દેહવાલી બોલીનો પ્રભાવ હોવાથી ગીતો તથા નાટકો દેહવાલીમાં જ પ્રસ્તુત થતાં હોવાથી બધામાં સામાન્ય છે. સાથે પારંપારિક વાદ્યો પણ બધામાં સામાન્ય છે. મરાઠી સંસ્કૃતિ અને ગીતોનો પ્રભાવ હોવાથી કેટલાક ઢાળ મરાઠી લયને લાગતાં આવે છે. જેમ ડાંગમાં ડાંગી  બોલીમાં મરાઠી ભાષાનો ખાસ્સો પ્રભાવ છે.

કુકરમુંડા તાલુકામાં કુલ એકાવન ગામો આવેલ છે. અગિયાર ગામોની અંદર મોટા ભાગની વસ્તી આદિવાસીઓની છે. અને બાકીના

ગામોમાં દલિત, સમાજ, મારવાડી સમાજ તેમજ મુસ્લિમ સમાજના લોકો વસે છે.

## *૧.૩. કુકરમુંડા તાલુકાની સામાન્ય માહિતી*

(૧) જિલ્લા પંચાયત :- તાપી

(૨) તાલુકા પંચાયત :- કુકરમુંડા

(૩) ગ્રામ પંચાયત સંખ્યા:- ૧૮(સ્વતંત્ર-૧૦,જુથ-૮)

(૪) કુલ ગામો :-૫૧

૨૧-ઉકાઈ ડૂબાણ

૩૦-વસ્તીવાળા

૪૭ – રેવન્યુ

(૫) સંસદીય મતક્ષેત્ર :-૨૩-બારડોલી (ઇન-બ્રીફ)

(૬) વિધાનસભા મતક્ષેત્ર:- ૧૭૨-નિઝર(ઇન બ્રીફ)

(૭) કુલ વસ્તી (સને ૨૦૧૧ મુજબ) :- પુ-૨૯૯૬૨ સ્ત્રી-૩૦૬૩૬

કુલ:-૬૦૫૯૮

૧. ૦ થી ૬ વર્ષનાં બાળકો:-પુ-૩૬૭૨ સ્ત્રી-૩૪૭૩ કુલ:-૭૧૪૫

૨. અ.જા. :- પુ-૪૨૧ સ્ત્રી-૪૪૩ કુલ:-૮૬૪

૩. અ.જ.જા.:- પુ-૧૮૭૯૮ સ્ત્રી-૧૯૮૦૫ કુલ:-૩૮૬૦૩

૪. ભણેલા:- પુ-૧૨૬૬૨ સ્ત્રી-૮૦૩૭ કુલ-૨૦૬૯૯

૫. સાક્ષરતા દર % માં :- પુ-૪૨.૮૯% સ્ત્રી-૨૬.૬૮% કુલ-૩૪.૭૦%

૬. બી.પી.એલ. :- ૦ થી ૧૬ :- ૭૮૯૭

૧૭ થી ૨૦ :-૩૮૪૧

કુલ:- ૧૧૭૩૮

(૮) વિસ્તાર :- ૧૬૦૩૨ હેક્ટર

(૯) ખેતીલાયક જમીન :- ૧૦૫૦૦ હેકટર

(૧૦) સિંચાઇ લાયક વિસ્તાર :- ૫૫૩૨ હેકટર

(૧૧) જંગલોચ્છિક વિસ્તાર :-

(૧૨) ખેડૂતોની સંખ્યા :- ૪૬૪૦

(૧૩) ઉધોગ/ઔધોગિક એકમો કાર્યરત:-સુગરમીલ -૨ (નીભોરા,કુકરમુંડા)

(૧૪) આરોગ્ય

૧.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :- ૧. કુકરમુંડા ૨. ગંગાથા

૨. આરોગ્ય સબ-સેન્ટરો :- ૨૦

૩. આયુર્વેદિક દવાખાના :- ૧. અશ્રાવા ૨.ગંગથા

(૧૫) બેંન્કિંગ સુવિધા

શિડ્યુલ બેંક :- ૧. બૅંક ઓફ બરોડા,કુકરમુંડા

સહકારી બેંકો :- ૧. સુ.ડી.કો.ઓ. બેંક કુકરમુંડા

કુલ બેંક શાખાઓ:- ૨

(૧૬) સહકાર

સુમુલ શીત કેન્દ્ર :-

સહકારી સોસાયટીઓ કાર્યરત :-૩૪

દૂધ ઉત્પાદક મંડળીઓ કાર્યરત:-૪૪

(૧૭) કોમ્યુનિકેશન

૧. સબ પોસ્ટ ઑફિસોની સંખ્યા :-૧૩

૨. પોસ્ટ ઓફિસ કાર્યરત સંખ્યા :-૧૩

૩. ટેલિફોન એક્ષચેંજ સંખ્યા :- ૨

૪. ટેલિફોન કનેક્શન :-૬૫૮

૫. ટેલિફોન એક્ષચેંજ :- ૨ (કુકરમુંડા,બહુરૂપા)

૬. વાયરલેસ સ્ટેશન :- ----

(૧૮) સસ્તા અનાજની દુકાન :- ૧૮

(૧૯) પોલીસ

પોલીસ સ્ટેશન :- ૧

પોલીસ આઉટપોસ્ટ -૧

(૨૦) પશુ સ્ંવર્ધન

પશુ દવાખાનું -૧ ફૂલવાડી

સબ સેંટર -૩

(૨૧) પશુઓની કુલ સંખ્યા (૨૦૧૨ પ્રમાણે)

ભેંસ -૫૭૧૮

ગાય/બળદ-૧૧૫૨૭

બકરા-૧૧૫૩૦

ઈતર -૫૧૩

મરઘાં-બતક-૩૨૬૭૦

(૨૨) પાણી પુરવઠો

હેન્ડપંપોની કુલ સંખ્યા -૧૨૩૮

પાણી પુરવઠો -૯૩૫

કૂવાઓની સંખ્યા(સિંચાઇ સહિત) -૧૦૮૫

ળાવોની સંખ્યા -૬(પિશાવર, બાલદા, ફૂલવાડી, મોદલા, તોરંદા, સતોના)

(૨૩) શિક્ષણ

૧. પ્રા. શાળા - ૬૫

૨.સરકારી માધ્યમિક શાળા -૦૪

૩. ઉચ્ચતર સરકારી માધ્યમિક શાળા-૦૧

૪. ઉ.બુ.વિધ્યાલય -૦૨

૫.આશ્રમ શાળા -૦૨

૬. ઉચ્ચતર માધ્યમિક શાળા -૦૨

(૨૪) પોષણ

આંગણવાડી -૮૦

મધ્યાહ્ન ભોજન કેન્દ્ર-૬૫

(૨૫) મુખ્ય પાકો -જુવાર, ડાંગર, મરચાં, મકાઇ, ઘઉ, કપાસ, શેરડી, તુવેર, ચણા, કેળ, એરંડા.

- **તાલુકામાં આવેલ સરકારી કચેરીની સંખ્યા/ટેલિફોન નંબર**

૧. પ્રાંત અધિકારી,નિઝર :-૦૨૬૨૮ ૨૪૪૦૦૯

૨. તાલુકા પંચાયત કચેરી,કુકરમુંડા :-૦૨૬૮૨૦૨૨૩૨૨૫

૩. મામલતદાર કચેરી,કુકરમુંડા :-૦૨૬૨૮ ૨૨૩૨૨૪

૪. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકરમુંડા :-૦૨૬૨૮ ૨૨૩૦૯૦

૫. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગંગાથા :-

૬. પોલીસ આઉટ પોસ્ટ,કુકરમુંડા :-

૭. D.G.V.C.L ચૌધરી સાહેબ (Dy.eng) :-૯૯૨૫૨૧૧૪૪૧

૮. T.P.E.O એન. આર.ગાવીત :-૯૬૮૭૨૬૫૫૦૦

૯. B.R.C લતીશભાઈ પટેલ :-૯૯૦૯૪૯૪૭૨૧

૧૦. ડેપ્યુટી મેનેજર ટેકનિકલ વાસ્મો(તાપી) :-૭૫૭૪૮૩૦૧૪૨

૧૧. મેનેજર,બેંક ઓફ બરોડા :-૦૨૬૨૮ ૨૨૩૦૪૩

૧૨. સી.એચ.સી.,નિઝર :-૦૨૬૨૮ ૨૪૪૨૩૫

૧૩. EDPO-ગંગાબેન ચૌધરી :-૭૫૭૩૦૩૪૨૦૭ /૭૮૭૪૭૩૭૪૬૪

૧૪. દમયંતીબેન.એન.ચૌધરી મુખ્ય સેવિકા,કુકરમુંડા:-૭૫૭૩૦૩૪૨૧૦

૧૫. પુષ્પાબેન.જે.વળવી  મુખ્ય સેવિકા,મટાવલ :-૭૫૭૩૦૩૪૨૦૯

૧૬. કુંતાબેન.એસ.ગામિત.-મુખ્ય સેવિકા,બેજ :-૭૫૭૩૦૩૪૨૧૧

૧૭. શારદાબેન.ડી.પટેલ.-મુખ્ય સેવિકા,ગંગાથા:-૭૫૭૩૦૩૪૨૧૨

## તાલુકામાં આવેલ સ્થાનિક સંસ્થાઓ

૧. ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ – ૧. કુકરમુંડા

**•તાલુકા પંચાયત કુકરમુંડા**

## ગ્રામપંચાયત સમાવિષ્ટ ગામોના નામ

ચોખીઆમલી

ચોખીઆમલી,અક્કલઉતારા,ઝૂમકટી,ઝાંપાઆમલી,બોરીકુંવા,વડપાડા

ઈટવાઈ

ઈટવાઈ,ઉમજા,પાટીપાડા,ઉદમગડી,ઝીરીબેડા,પરોડ,ડાબરીઆંબા,ગંગાથા

| | |
|---|---|
| મોરંબા | મોરંબા |
| તોરંદા | તોરંદા,ગોરાપાડા |
| કેવડામોઈ | કેવડામોઈ,રાણાંચી,આશાપુર,પાણીબારા,મેઢપૂર |
| બાલાંબા | બાલાંબા, આમોદા,(મૌલિપાડા), બેજ(મૌલિપાડા) |
| મોદલા | મોદલા, ચીખલીપાડા, વેશગાવ |
| રાજપુર | રાજપુર, તુલસા |
| ફૂલવાડી | ફૂલવાડી, ડોડવા, કોરાલા, કુકરમુંડા, પાટી, ગાડીત, કેળણી(કૌઠીપાડા) ગોરાસા, ઉટાંવદ, કડ્રોજ |
| મટાવલ | મટાવલ, હથોડા, આમોદા, પીપલાસ, આશ્રાવા |

| | |
|---|---|
| આષ્ટ | આષ્ટ |
| ચીરમટી | ચીરમટી |
| બહુરૂપા | બહુરૂપા |
| બાલદા | બાલદા |
| નીંભોરા | નીંભોરા,હોળ,ભમસાળ,સાતોલા |
| ઉભદ | ઉભદ |
| સદગવાણ | સદગવાણ |
| પિસાવર | પિસાવર |

## *૧.૪. વસાવા સમાજની વિધિઓ.*

ભીલ આદિવાસીઓમાં ત્રણ સંસ્કારની વાત છે. સંસ્કાર એટલે શણગારવું એવા અર્થમાં ઉચિત ગણીએ તો ભીલોમાં દેહ(શરીર)ને જીવનભર ત્રણ વખત શણગારાય છે: ૧) જન્મ પછી, ૨) લગ્ન વખતે, ૩) મૃત્યુ બાદ.

*પાંચેરો:*

દરેક સમાજમાં બાળક જન્મે ત્યારે છઠ્ઠી ઉજવવામાં આવે છે પરંતુ વસાવા સમાજમાં પાંચેરો ઉજવવામાં આવે છે. છોકરું જન્મે છે એના પાંચમાં દિવસે પાંચેરો ઉજવાય છે. પ્રકૃતિપૂજક ભીલ સમાજે પોતાનું જીવન પણ પ્રાકૃતિક રીતે ગોઠવ્યું છે. ઋતુ અનુસારની એની પરંપરા છે. પ્રકૃતિને

ઓછામાં ઓછું નુકસાન પહોંચે એવી ભાવના હૃદયમાં ધારણ કરીને ગુજારતા હોય છે. ભીલોમાં દેહની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી થયેલી માનવામાં આવે છે તેથી પિંડમાં પૂજા થાય છે. ભીલ આદિવાસીઓની 'હંસદેવ', 'પવનદેવ' કહ્યો છે.  મૃતકનો સ્થૂળ દેહ અહી પડી રહે છે અને સૂક્ષ્મદેહ જીવાત્મા સાથે જાય છે. શરીરની અનુભૂતિ અને રસાયણશક્તિને સાથે લઈ જાય છે. ભીલોને મૃત્યુ પછી જીવનું ગતિવિષયક જ્ઞાન છે. 'હંસદેવ વાર્તા'માં એનું વર્ણન છે. ભીલો જન્મ પહેલાના અને મૃત્યુ બાદના જીવની સ્થિતિ વિશેની આગવી સમજણ ધરાવે છે તેથી એઓ આ વચગાળા દરમિયાન પ્રાપ્ત દેહને મહામૂલું ગણે છે. માટે જ જન્મ સમયનો 'પાંચેરો' જીવને નવું પિંડ પ્રાપ્ત થયાના આનંદરૂપ હોય છે.

*લગ્ન:*

વિવાહનો સંસ્કાર, પ્રકૃતિમાં સંતતિ જળવાય અને પ્રજોત્પતીના રૂપમાં બીજા જીવોને પણ પિંડ પ્રાપ્ત થાય એવા હેતુથી દેહને શણગારાય છે. વૈવાહિક વિધીમા વપરાતું કામરૂપ હળદર તથા 'ઊખલ', 'મુસલ'ની પૂજાનું પ્રતિક લિંગ તરફ અંગૂલીનિર્દેશ કરે છે. લિંગપૂજા આર્યતર જાતિમાં પૂર્વકાળથી પ્રચલિત હતી. એ મતને મોટાભાગના વિદ્વાનોનું અનુમોદન છે.

*મૃત્યુ:*

મૃત્યુ એ જીવાત્માને પ્રાપ્ત થયેલાં દેહનો અંત છે. આ દેહ જ્યાંથી પ્રાપ્ત થયો છે ત્યાં ફરી પાછો આપવા માટે એણે શુધ્ધ કરી, શણગારી પ્રકૃતિને સોંપી દેવાની ભાવના ભીલોમાં છે. દેહ આ પ્રકૃતિનો અંશભાગ છે જેથી ફરી પ્રકૃતિ સુધી લાવતા તેનું અપમાન ન થાય એવી લાગણીથી શબ શણગારી છેલ્લો ત્રીજો મૃત્યુનો સંસ્કાર કરે છે.

આમ, આ ત્રણે સંસ્કારો એકબીજા સાથે સળંગસૂત્રએ ગૂંથાયેલા છે. વિશેષમાં એ પણ જણાવવાનું કે આ ત્રણે સંસ્કારો જો કોઈ વ્યક્તિનો વિવાહ સંસ્કાર બાકી રહી ગયો હોય તો ભીલો મૃતદેહની સાથે બેસાડીને પણ આ વિધિ પૂરી કરે છે.

ભીલ આદિવાસીઓ માને છે કે મૃતાત્માનો જીવ બાર દિવસ સુધી ઘરમાં જ ફરતો રહે છે. તેથી તેઓ આ જીવને વિધિપૂર્વક ઘરના એક ભાગમાં સ્થિર બેસાડે છે. તેણે દસ દિવસ સુધી પાણી-ભોજન વગેરે ધરે છે અને તેની દેખરેખ રાખે છે.

ભીલોમાં એવી માન્યતા છે કે છેલ્લામાં છેલ્લા બાર દિવસ સુધીમાં જીવના કર્મોનો યમરાજ દ્વારા હિસાબ ચાલતો હોય છે. આ બાર દિવસ સુધી જીવને ભીલો પોતાના ઘરમાં રાખે છે . પછી બારમે દિવશે આ જીવને પૂર્વજો સ્વીકારશે એ હેતુથી પૂર્વજો અને યમરાજાને પ્રસન્ન કરવા માટે એક

રાતની કથાનું આયોજન કરવામાં આવે છે. આ કથા દરમિયાન યમરાજ અને તેની સાથે નિવાસ કરનારા પૂર્વજોને કથામાં ઠેકાણે ઠેકાણે નામ-સ્મરણ આવતા તેમણે દારૂ અર્પણ કરવાનો રિવાજ છે. આખી રાત પૂર્વજો અને યમલોકને દારૂનું નૈવેદ્ય ચઢાવાય છે. તેનાથી તેઓ પ્રસન્ન થાય છે એવું ભીલો માને છે. બારમાની રાતે ‘હોરગીકોલી’ની કથાનું સ્મરણ કરે છે. બીજી રાત્રે ઢૂર-થાળી અને વાંસળી સાથે ‘તિજયાનૃત્ય’ નાચીને જીવને ઘરમાંથી વિધિપૂર્વક નાચગાં સાથે બહાર આંગણામાં અગ્નિ સળગાવ્યો હોય છે ત્યાં સુધી લઈ આવે છે. આંગણામાં સલગાવેલા અગ્નિની સાક્ષીમાં આ જીવને ભીલો સવારના પહોરમાં નાચતે-ગાજતે સાધનસામગ્રી સાથે સ્મશાનમાં લઈ જાય છે. ત્યાં મૃતકને આપવા લઈ જવાયેલી સામગ્રી અગ્નિમાં બાળી દેવાય છે. એટલે કે અગ્નિ આ જીવાત્માને પૂર્વજો સુધી લઈ જાય છે. બારમાની વિધિ બાદ જીવને બીજું શરીર પ્રાપ્ત થાય છે એવું તેઓ માને છે. બારમાની વિધિ પૂર્ણ થતાં ઘરમાં જે સ્થાને મૃતકને ભોજન-પાણી અપાતું હતું તે બંધ કરવામાં આવે છે.

આમ,આ ત્રણ સંસ્કારો એકબીજા સાથે સળંગસૂત્રે ગૂંથાયેલા છે.વિશેષમાં એ પણ જણાવવાનું કે આ ત્રણે સંસ્કારો જો કોઇ વ્યક્તિનો ‘વિવાહ’ સંસ્કાર બાકી રહી ગયો હોય તો ભીલો મૃતદેહની સાથે બેસાડીને પણ આ વિધિ પૂરી કરે છે.

**ભીલ આદિવાસીમાં આસન્ન મૃત્યુનાં લક્ષણો અને માન્યતાઓ**

- અતિશય બીમાર વ્યક્તિની આંખો પીળી થઇ જાય કે આંખનો ઘેરાવો સૂઝવાથી ઊપસી આવેલ હોય તો વ્યક્તિ થોડા વખતમાં મૃત્યુ પામશે એવી માન્યતા છે.
- નાકની દાંડી એક તરફ નમી પડે અથવા આંખો ઉપર કે નીચે તરફ ઢળી જતી હોય તો માણસનું મૃત્યુ નિશ્ચિત છે એવું માનવામાં આવે છે.
- મરણસન્ન વ્યક્તિ સગાસંબધી કે અન્ય વ્યક્તિને ઓળખવાનું બંધ કરી દે;આંખે ઝાંખપ આવી જાય.
- સગાસંબધી કોઇક વ્યક્તિને મળવાની અતિશય ઇચ્છા પ્રગટ કરે છે.ક્યાંક તો દારૂ,તાડી,માછલાં કે માંસ ખાવાનું માગે છે.ન આપવાથી ગુસ્સો પ્રગટ કરે છે.
- પોતાનાં વસ્ત્રો કે સામાન પ્રત્યે લાગણીશીલ બની સંતાડયા કરે,કોઇનું સૂચન ધ્યાનમાં ન લે.
- પથારીમાં પડયાં પડયાં કંઇ કંઇ બોલ્યા કરવું .જેવું કે,અગાઉ મૃત્યુ પામેલા(પૂર્વજો)મને લેવા આવે છે,મને બોલાવે છે,આવું બોલી ને ગભરાય છે.દુ:ખી થાય છે.પોતાના પૂર્વજો તેને દેખાય છે.

- મરણાસન્ન વ્યક્તિનું શરીર સંપૂર્ણ રીતે ઠંડુ પડી જાય.એક જ નાડી ધ્વારા શ્વાસ ચાલતો હોય,શ્વાસોશ્વાસની ક્રિયામાં ધ્રુર્રાટી ( ધ્રુજારી) કે હણહણાટી (હેંહણી)ચાલતી હોય તો વ્યક્તિ ટૂંક સમયમાં મૃત્યુ પામશે એવી માન્યતા છે.
- કેટલીક વાર મરવાની અણી પર પહોંચેલા વ્યક્તિ જુદા-જુદા પ્રકારની ઇચ્છાઓ પ્રગટ કરતો હોય તે સમયે બીડી,તમાકુ કે દારૂ-તાડી પીવડાવી ઇચ્છાપૂર્તિ કરાવી,વિધિ કરી દેવાય છે.તો વ્યક્તિનો જીવ સરળતાથી દેહ છોડી દે છે.ક્યારેક આવી વ્યક્તિના શરીર ઉપરથી ચોખા ઉતારીને(વિધિપૂર્વક)માથા તરફ મૂકવાથી તે વ્યક્તિ મૃત્યુને વશ થાય છે.આવા પ્રકારના શક્તિહીન,મૃત્યુ નજીક પહોંચેલ માણસને ખાટલેથી ઉતારી જમીન ઉપર સુવડાવી દેવાય છે.ભારતના મોટાભાગોમાં એવી પ્રથા છે કે જ્યારે વ્યક્તિ મરણાસન્ન હોય ત્યારે લોકો એને ખાટલેથી ઉતારીને જમીન ઉપર સુવડાવી દે છે.આ પ્રથા યુરોપમાં પણ છે (જૂઓ પ્રો.એડગર્ટનનો લેખ ; 'ધી આવર આવ ડેથ',એનલ્સ આવ દી ભંડારકર ઓ.આર.ઇન્સ્ટિટયૂટ,જિલ્દ ૮,પૃ.૨૧૯-૨૪૯) ઉપરાંત 'મરણ સમયે જેવી સ્મૃતિ તેવો જન્મ'એવી માન્યતા ઉપનિષદ,પુરાણોમાં આવે છે ક્યાંક કાનમાં મંત્રો બોલવા, પુરાણો, ઉપનિષદોનો પાઠ સાંભળવો, પુરાણોમાં નોંધનીય છે કે મરણોન્મુખ

વ્યક્તિને કોઇ તીર્થસ્થાનમાં લઇ જવું જોઇએ.પરંતુ ભીલ આદિવાસીઓમાં આવી માન્યતા નથી.

**દર્ભ (દાભડો)અને મૃત્યુનો સંબંધ**

'દર્ભ'એટલે દાભડો (એક પ્રકારનું ઘાસ).જેને કુશ નામથી પણ ઓળખવામાં આવે છે.જેને કાપવા માટે કુશળતા જરૂરી છે.એવું ઘાસ આદિવાસીઓના જીવન સાથે દર્ભનુ ઘાસ વિશિષ્ટ રૂપે જોડાયેલ છે.દર્ભ જન્મ અને મૃત્યુ સાથીની વિધિઓમાં ગાઢ રીતે સંકળાયેલું છે.જ્યારે વ્યક્તિ અંતિમ શ્વાસ લઇ રહી હોય ત્યારે તેના જીવને શરીરમાંથી નીકળવા માટે કષ્ટ થઇ રહ્યું હોય તો તે સમયે આદિવાસીઓ દર્ભના ઘાસને મરણપથારીવશ વ્યક્તિના શરીર નીચે મૂકી દે છે જેથી તેનો જીવ શરીરમાંથી કષ્ટ વગર નીકળી જાય છે.દર્ભનું જ્ઞાન આદિવાસીઓમાં ક્યાંથી,ક્યારથી આવ્યું હશે એ પણ એક શોધનો વિષય બની રહે છે.

**યમરાજ અને દૂત સંબંધી માન્યતા**

ભીલ આદિવાસીમાં યમરાજને 'જોનગીરાયો'કે 'જોમ'કહેવાય છે.ભોલો અને ભૂડો તેના બે દૂતો હોય છે આ ભીલો યમ અને તેના દૂતોને આદરભાવથી પૂજે છે.તેના ભયને કારણે તેમને કેટલીક આહુતિ-બલિદાન આપવાની પ્રથા છે જે પૂર્વજો યમ સાથે રહે છે તે સૌનાં શરીર કાળાભટ્ હોય છે.કોઇ પણ પૂર્વજ પાસે પહેરણ હોતું નથી.જ્યારે કોઇ વ્યક્તિ મૃત્યુ

પામે છે ત્યારે આ પૂર્વજો ખુશી અનુભવે છે.મૃતકના શબને લેવા માટે'વિહાંવો'(વિસામા)ની હદ સુધી આવે છે અને મૃતકના ખાટલા ઉપર બેસીને સ્મશાન સુધી નાચગાન કરતા જાય છે.

આદિવાસી ભીલોમાં એક વિશિષ્ટ પ્રકારની માન્યતા છે કે વ્યક્તિના જીવતે-જીવત હાથ – પગ કે શરીર ના અન્ય ભાગોમા જો છૂંદણાં મુકાવવામાં ન આવે,અથવા નાક-કાન વીંધાવીને કાણાં પાડવામાં નહિ આવે તો એવી વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે યમના દૂતો ધગધગતો કોષ ગરમ કરીને કાન કે નાક માં સરકાવે છે.તથા હાથ-પગ કે કપાળે કોષથી ડામ મૂકે છે જેથી આ પ્રકારની પીડાઓમાંથી બચવા માટે જીવતર દરમિયાન લોકો આ બે પ્રકારની ક્રિયાઓ કરી લેતા હોય છે.એવું માનવામાં આવે છે કે જો મૃતક વ્યક્તિ ના કર્મો ખોટા હોય તો યમદૂતો તેને ઝાડઝાંકરાં કે કાંટાઓમાં ઘસેડતાં,બંને હાથનાં બાવડાં પકડીને બેઉ તરફથી પાંસળીઓમાં બરછીની અણી કે મુક્કાથી માર મારતા કષ્ટ આપતાં લઇ જતાં હોય છે. યમના જે બે દૂતો (ભોલો અને ભૂડો)છે.ભીલોમાં એવી પણ માન્યતા છે કે રાત્રિના સમયે જ્યારે રાજાઘુવડ 'ફૂદી પૂડ્પ...ફૂદી પૂડ્પ...'એવા અવાજમાં બોલે તો અવશ્ય ગામમાં કે સંબંધીઓ માં કોઇનું મૃત્યુ થાય છે.એટલે કે યમના દૂતો વિશે આદિવાસીઓ એવું માને છે કે તેઓ અંધારિયા લોકના રહેવાસી હોવાથી રાત્રિના સમય દરમિયાન

રાજાધુવડ જેવા પક્ષીના રૂપમાં ફરતા હોય છે અને જ્યાંથી જે વ્યક્તિના જીવને લેવામાં આવે છે ત્યાં પહેલા આ રીતે પોતાના અવાજની ભાષામાં સંદેશો આપતાં હોય છે.આ રાજાધુવડ અને કૂતરાનો સંબંધ જોડયેલો હોય છે એવું તેઓ માને છે યમના દૂતો કૂતરાને સ્પષ્ટ રૂપે દેખાય છે તેથી તે પણ આવે સમયે રડવાના અવાજો કરે છે.જેથી લોકો અંદાજે બાંધી લે છે કે આજે ક્યાંક કોઇનું અવસાન નિશ્ચિત છે.આવી માન્યતાથી પ્રેરાઇને ભીલો કૂતરાને પાળે છે તેઓ કૂતરાને યમદૂતોનો મિત્ર માને છે.કોઇ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે આ ત્રણેય-કૂતરો અને બે દૂતો-મળીને જીવને લઇ જતા હોય છે તે સમયે મૃતાત્મા અને દૂતોને રસ્તો બતાવતો આગળ ચાલે છે પૂર્વજો જ્યાં રહે છે તે રસ્તાઓનો કૂતરો જાણકાર છે આથી તે ત્યાં સુધી મૃતાત્માને લઇ જાય ચી.એવું માનીને ભીલો કૂતરા તરફ આદરભાવ રાખે છે.એની સેવા કરે છે.

મૃતક વ્યક્તિના સગાસંબધીઓ કે અન્ય લોકો ધ્વારા મૃતકના શબની બાજુમાં કે ઘરઆંગણામાં દારૂની ધારનો નૈવેદ્ય ચઢાવવાનો રિવાજ છે.ત્યાં દારૂ અર્પણ કરતી વખતે મૃતાત્મા માટેની લાગણીથી પ્રેરાઇને તેઓ યમરાજાને પ્રાર્થના કરી તેના જનાર જીવને ફરી જીવન મળે એ જીવ જ્યાં મૃત્યુલોકમાં ગયો છે.તેની અજવાડ લોકમાં જીવન જીવતા જે કંઇ ભૂલો થઇ હોય;તેના પ્રાયશ્ચિતરૂપે તથા તેના કર્મોના હિસાબમાં માફી મળે એ હેતુથી

યમ અને તેના દૂતોનાં નામ લઇને દારૂ ધરે છે.તથા એની સાથે જ જે પિતૃઓ(પૂર્વજો)પહેલાં ગયેલા છે તેમને પણ પ્રાર્થના કરીને દારૂ ચઢાવે છે અને કહે છે આ દારૂ જે હું તમને (પૂર્વજોને)અર્પણ કરું છું તે આઓ સૌ પૂર્વજો ભેગા મળી વહેચીને સૌ સંપીને પીજો.આવનાર આવનાર (મૃતક)પોતાના સગાનો સત્કાર કરી પૂર્વજોના લોકમાં સાદરપૂર્વક સ્વીકાર કરજો.એવું કહીને યમ,યમના દૂતો તથા યમ સાથે રહેનાર પોતાના પૂર્વજોને પૂજે છે.એમને દારૂ વગેરે અર્પણ કરે છે આ પૂર્વજપૂજા અને યમપૂજા ભીલોમાં આજે પણ પ્રવર્તે છે .યમ અને પૂર્વજપૂજા વિશે ઋગ્વેદનાં(૧૦/૧૪/૧૫/)ના કવિઓ પણ કહે છે કે "યમરાજને અત્યંત મધુર આહુતિ આપો.આ પ્રણામ એ ઋષિઓને કે જે અમારાથી બહુ જ પહેલાં ઉત્પન્ન થયા હતા અને જેમણે અમારા માટે રસ્તો બનાવ્યો"આ ઉપરથી ફલિત થાય છે કે આ પૂર્વજપૂજા અને યમપૂજા વૈદિક ઋષિઓની દેન નથી પણ એની પહેલાં બહુ જ પહેલાં જન્મેલા એવા લોકોની દેન છે જેમણે આ પૂજાનો રસ્તો શોધ્યો હતો.આ રસ્તો બનાવનાર ભીલો હોય એવું બની શકે.કારણ કે આર્યેતર જાતિઓમાં નિષાદ-ભીલ-બૈગાનો ઉલ્લેખ મળી આવે છે.ભીલોમાં આજે પણ પૂર્વજ્પૂજા અને યમપૂજા જોવા મળે છે. યમને રીઝવવા જીવાત્માને સારી ગતિ અપાવવા આખી આખી રાતની યમલોકની કથાઓનું બારમાના દિવસે પાઠ થતો હોય છે.જે પુરાવો કહી શકાય.

**સ્મશાન વિશેની માન્યતાઓ**

ભીલ આદિવાસીઓ સ્મશાન ગોળ અથવા ચૌકોર રાખે છે.સ્મશાન પોતાના પૂર્વજોનું રહેઠાણ છે તથા પૂર્વજો સાથે કેટલીક ઇડા-પીડા ( દુષ્ટાત્માઓ)ખાસ કરીને મગરવિદ્યા કે જાદુટોણાની વિદ્યા જાણનારા મૃત્યુ પામે છે તેવા દુષ્ટ આત્માઓ મર્યા પછી પણ સ્થળ (રહેઠાણ કે શરીર) ન મળવાને કારણે આવા સ્થળે નિવાસ કરે છે.એવું માનીને તેઓ સ્મશાનથી ભય અનુભવે છે.મુખ્યત્વે સ્મશાન ખાડી ક્વ કોતરની ધાર પર (કિનારે) રાખવામાં આવે છે.જેને કારણે અંત્યેષ્ટિ પૂરી કરીને લોકો સ્નાનાદિ ક્રિયા કરીને સ્મશાનમાંથી ગામ તરફ આવી શકે.વર્ષના અમુક સમયગાળામાં એટલે કે કાળીચૌદશ,અમાવશ જેવી રાત્રિમાં આ સ્મશાનમાં નિવાસ કરનારા પૂર્વજો ઉત્સવ ઊજવીને નાચગાન કરતાં હોય છે એવી માન્યતા પ્રચલિત છે. સ્મશાનમાં રહેનારા પૂર્વજો ભૂતોના વેશે તે વિદ્યાની પરીક્ષા કરતા હોય છે એવું માનવામાં આવે છે. સ્મશાનનો વિસ્તાર ‘વિહાંવાં’(વિસામા)થી શરૂ થતો હોય છે.આવી ગુપ્ત વિદ્યાના સુધ્ધિ ભૂવાઓ સ્મશાનમાં રહેતા પૂર્વજોને જગાડીને દર્શન કરાવતા હોય છે.પરંતુ કાયમ તેની પૂજા કરનારા તે વિધિના સાચા જાણકાર જ આ પૂજાવિધિ કરી સ્મશાન જગાડી શકે છે એવું માનવામાં છે.(ભીલોમાં માન્યતા અનુસાર ત્રણ પ્રકારનાં સ્મશાનો જોવા મળે છે (૧) કુદરતી મૃત્યુ, (૨)બાળમૃત્યુ, (૩)ગર્ભવતી સ્ત્રી કે રોગિષ્ટ.)

**ભીલ આદિવાસીમાં અંત્યેષ્ટિ પ્રથા**

જુદા જુદા સમયે અને જુદા જુદા દેશોમાં અંત્યેષ્ટિઅની ક્રિયા વિભિન્ન રીતે કરવામાં આવે છે જેમ કે –બાળવું(અગ્નિદાહ),જમીનમાં દાટવાની પ્રથા,શબને ખુલ્લું છોટી દેવું,જેને ચીલ,ગીદ્ય,કાગડા વગેરે પશુ ખાઇ જાય (જેમ પારસીઓમાં),ગુફામાં છોડી દેવું અથવા મમીરૂપે સુરક્ષિત રાખવું આ બધી પ્રથાઓ પહેલા આદિમ સમુદાયમાં ભટકતા જીવન દરમિયાન વિકાસ પામેલી છે વિધ્વાનોના મત અનુસાર આશરે પાંચ લાખ વર્ષ પૂર્વે આદિમાનવ આ પૃથ્વી પર ભટકવા લાગ્યો.એનામાં અને પશુઓમાં ખૂબ ઓછું અંતર હતું.પુરાપાષાણયુગના માનવીમાં કોઇ ધાર્મિક ભાવનાનો ઉદય થયો ન હ્તો એ શબોને ફેકીં દેતો,પરંતુ મધ્યપાષાણયુગ માં એ શબોને ઉતર-દક્ષિણ દિશામાં દાટતો હ્તો .આ સમયગાળામાં મૃતકને કેટલીક વસ્તુઓ આપવાનો રિવાજ હતો.એ ઉપરાંત એમને મૃત્યુ પછીના જીવન વિશે પણ કેટલીક માન્યતાઓ હતી.લગભગ નવપાષાણયુગ(૩૫૦૦ ઇ.પૂ.થી ૧૦૦૦ ઇ.પૂ.)માં શબોને બાળવાની પ્રથા કેટલેક અંશે પ્રચલિત થઇ ચૂકી હતી એવું અનુમાન વિધ્વાનો કરે છે કે,”હે વરૂણ,હું માટીના ઘરમાં ન જાઉં.”એટલે કે દાટવાની પ્રથામાં વૈદિક ઋષિઓની માન્યતા નકારાત્મક રહી હશે.સર જાન માર્શલ (મોહેંજોદડો,જિલ્દ ૧,પૃ.૮૬)ને પૂર્ણ રૂપમાં દાટવાની,આંશિક રૂપમાં દાટવાની તથા શબદાહની ઉપરાંત દાટવાની

રીતિઓની તરફ સંકેત કરે છે.અત્યાર સુધી મોહેંજોદડો, હડપ્પા, રુપડ, કાલીબંગા, લોથલ આદિના ખોદકામથી જે પ્રકારની જાણકારી થઇ શકી છે તેની સાથે ભીલ આદિવાસીઓની માન્યતાઓ કેટલેક અંશે  સંબંધિત રીતે જોઇ શકાય એમ છે.

હાલમા ભીલ આદિવાસીઓમાં પણ અગ્નિદાહ આપવાની પ્રથા પ્રચલિત બની છે.પરંતુ આ અગ્નિદાહની પ્રથા લાંબાઅ સમયની નથી.ઇતર ધાર્મિક સંપ્રદાયો કે અન્ય સંસ્કૃતિઓના સંપર્કની એ અસર છે.કારણ કે આજે પણ ભીલ આદિવાસીઓના વડવાઓએ જ્યાં જૂના ગામો/ગામઠાંણ નિશ્ચિત કરી નિવાસ કર્યો હતો અને કેટલીક કુદરતી આપતિઓને લીધે સ્થળાંતર કર્યું હતું ત્યાંનાં સ્મશાનોમાં એટલે કે આજે જ્યાં ખેતીલાયક જમીન બનાવી છે એવા ખેતરો ખેડતા જમીનમાંથી જૂના ચાંદીના આભૂષણો મળી આવ્યા છે.આ વાત પુરવાર કરે છે કે આદિવાસીઓમાં અગ્નિદાહ બહુ ટૂંકા સમયગાળાથી દાખલ થયો છે

ભીલ આદિવાસીઓ અંત્યેષ્ટિ દરમિયાન મૃતક (શબ)ને શણગારવાની પ્રથા છે. શબને નવાં વસ્ત્રો,  આભૂષણો પહેરાવી, તુર-થાળી-વાંસળી વગેરે વદ્યોનાં વિશિષ્ટ તાલ સાથે અંતિમવિધિ માટે સ્મશાને લઇ જવાય છે અગાઉ મૃતકનું પોતાનું કમાવેલું બધું જ આપી દેવાની પ્રથા હતી મૃતકે તે વર્ષે પકવેલું અનાજ ગાડામાં ભરીને સ્મશાન સુધી નાખતાં જવાનો રિવાજ હતો

જે આજે ટોપલા-ટોપલીમાં લઇ જવાય છે ભીલો શબ જીવંત હોય એવો ભાવ અનુભવે છે.પોતાના પૂર્વજોનો પણ એક પવિત્રલોક છે એવું માને છે.ત્યાં પણ પોતાના પૂર્વજોને ઘરવ્યવસ્થા માટે બધી જ સામગ્રી આપે છે.એવી માન્યતા છે કે જો મૃતકને ઘર ચલાવવાની બધી સામગ્રી આપવામાં આવે નહિ તો ત્યાંના લોક ખૂબ જ યાતનાઓ વેઠે છે. બીજા પૂર્વજો એમને એમની સાધન-સામગ્રી વાપરવા આપતા નથી. તેથી શબને પૂર્ણરૂપથી બીજા ઘરે મૂકવા જતાં હોય તેવી તૈયારીઓ કરીને શબને સ્મશાને લઇ જાય છે તેથી તેઓ શબને અગ્નિદાહ આપતા ન હતાં.પ્રકૃતિપ્રેમ એ પૂર્વેના પૂર્વજોમાં જે હેતો તે આ દાટવા તરફ દ્રષ્ટિનિર્દેશ છે.તેઓ વૃક્ષની ડાળી,પાન,ફળ-ફુલ પણ પ્રાર્થના કરી ક્ષમાયાચના પછી જ કંઇ પણ લેતા હતા. વૃક્ષમાં પણ પોતાના જેવો જ જીવ છે એવું તેઓ માનતા.તેથી વૃક્ષને વગર કામે કાપી નાખવાનો કે પોતાના સ્વાર્થ માટે ઉપયોગમાં લેવાની વૃતિ ભીલોમાં નથી તેઓ શબને બાળતા ન હતા,દાટતા હતા. શબને દાટતી વખતે પણ ભીલ આદિવાસીઓ પૃથ્વીને પ્રાર્થના કરે છે તેને ખોદતાં દુઃખ ન થાય તે માટે તે તેની ક્ષમા માગે છે પછી જ શબ દાટવા ખોદે છે આવા પ્રકૃતિપ્રેમે જ તેમને અગ્નિદાહ નહિ પરંતુ દાટવાની પ્રથા તરફ પ્રેર્યા છે.

ભેગા થઈને આ તહેવારની ઉજવણી થાય છે. ગામના પૂજારી એ જગ્યાએ જઈ પૂજા-વિધિ કરે છે અને પોતાના પૂર્વજોને યાદ કરી છાક પાડે છે.

**ભીલોમાં બારમાનો વિધિ**

ભીલ આદિવાસીઓ માને છે કે મૃતાત્માનો જીવ બાર દિવસ સુધી ઘરમાં જ ફરતો રહે છે તેથી તેઓ આ જીવને વિધિપૂર્વક ઘરના એક ભાગમાં સ્થિત બેસાડે છે તેને દસ દિવસ સુધી પાણી-ભોજન વગેરે ધરે છે અને તેની દેખરેખ રાખે છે.

ભીલોમાં એવી માન્યતા છે કે છેલ્લામાં છેલ્લા બાર દિવસ સુધીમાં જીવના કર્મોનો યમરાજ દ્વારા હિસાબ ચાલતો હોય છે આ બાર દિવસ સુધી જીવને ભીલો પોતાના ઘરમાં રાખે છે.પછી બારમે દિવસે આ જીવને પૂર્વજો સ્વીકારશે એ હેતુથી પૂર્વજો અને યમરાજને પ્રસન્ન કરવા માટે એક રાતની કથાનું આયોજન કરવામાં આવે છે આ કથા દરમિયાન યમરાજ અને તેની સાથે નિવાસ કરનારા પૂર્વજોને કથામાં ઠેકાણે-ઠેકાણે નામ સ્મરણ આવતાં તેમને દારૂ અર્પણ કરવાનો રિવાજ છે આખી રાત પૂર્વજો અને યમલોકને દારૂનું નૈવેદ્ય ચઢાવાય છે તેનાથી તેઓ પ્રસન્ન થાય છે એવું ભીલો માને છે બારમાની રાતે 'હોરગીકોલી'ની કથાનું સ્મરણ કરે છે બીજી રાત્રે તૂર-થાળી અને વાંસળી સાથે બહાર આંગણાંમાં અગ્નિ સળગાવ્યો હોય છે ત્યાં સુધી

લઇ આવે છે. આંગણાંમાં સળગાવેલા અગ્નિની સાક્ષીમાં આ જીવને ભીલો સવારના પહોરમાં નાચતે-ગાજતે સાધનસામગ્રી સાથે સ્મશાનમાં લઇ જાય છે ત્યાં મૃતકને આપવા લઇ જવાયેલી સામગ્રી અગ્નિમાં બાળી દેવાય છે.એટલે કે અગ્નિ આ જીવાત્માને પૂર્વજો સુધી લઇ જાય છે બારમાની વિધિ બાદ જીવને બીજું શરીર પ્રાપ્ત થાય છે એવું તેઓ માને છે બારમાની વિધિ પૂર્ણ થતાં ઘરમાં જે સ્થાને મૃતકને ભોજન-પાણી અપાતું હતું તે બંધ કરવામાં આવે છે.

**ભીલોની લોટવિધિ અને સૂક્ષ્મ શરીર વિશેની માન્યતા**

અંત્યેષ્ટિ બાદની રાત્રિ દરમિયાન લોટવિધિ કરવામાં આવે છે.ઘરમાં જે તે સ્થળે વ્યક્તિએ દેહત્યાગ કર્યો હોય ત્યાંની જમીન પર લીપણ કરીને તેના ઉપર લોટ પાથરી દેવાય છે.આ લોટમાં ચિન્હનો દેખાય તે માટે તેના ઉપર થાળી દ્વારા સમથળ કરવામાં આવે છે.આ રીતે પાથરેલા લોટને મોટા ટોપલા વડે ઢાંકી દઇ ઉપર વજન મૂકવામાં આવે છે,જેથી એ ટોપલાની અંદર કોઇ જીવજંતુ પ્રવેશી શકે નહિ.બીજા દિવસની સવારે મૃતાત્માને ને ક્યું પિંડ મળ્યું છે તે જોવામાં આવે છે.પરંતુ તે પિંડ દસ દિવસ માટેનું જ હોય છે બારમે દિવસે બારમાની વિધિ બાદ તેને બીજું શરીર પ્રાપ્ત થાય છે એવું માનવામાં આવે છે.

ભીલો માને છે કે મૃતકના જીવને જ્યારે યમદૂતો લઇ જતાં હોય છે ત્યારે જીવે સૂક્ષ્મ શરીર ધારણ કર્યું હોય છે સૂક્ષ્મ શરીરને બધા જ અનુભવોની સ્મૃતિઓ રહેતી હોય છે.યમદૂતો દ્વારા અપાતી પીડાઓ;બરછીની અણીની વેદના;કાંટા-ઝાંખરાંમાં ઘસડતા લઇ જવાતા જીવને સૂક્ષ્મ શરીર દ્વારા આ બધા જ અનુભવો યાદ રહે છે.મરી ગયેલ વ્યક્તિ ૧૫ થી ૨૦ કલાક પછી પાછો જીવી જાય તો તે આ બધી જ વાતો કરતો હોય છે આવા મરીને જીવતા થયેલાનું બયાન ઉપરનું કથન સ્પષ્ટ કરે છે.તેઓ એટલે સુધી કહે છે કે ‘વિસામો’એ યમલોકનો દરવાજો છે ત્યાં ‘વિહારાઆંબલો’(આમલીનું મોટું વિશાળ ઝાડ)આવે છે.આ ‘વિહારાઆંબલો’વિષયક એવી માન્યતા છે કે તે આમલીના ઝાડ નીચેથી જીવ પસાર થાય એટલે પૃથ્વીલોકની સ્મૃતિઓનું વિસ્મરણ થઇ જાય છે.

**જીવને મળતા શરીરની માન્યતા**

મૃતદેહમાંથી નીકળેલા જીવની ગતિ વિશે ભીલોમાં કેટલીક માન્યતાઓ છે:

૧. લોટવિધિ દરમિયાન જોવામાં આવતું સૂક્ષ્મ શરીર બારમા સુધીનું હોય છે બારમાની વિધિ પછી તે શરીરને ત્યાગીને બીજું શરીર ધારણ કરી લે છે.ફરીથી બીજી યોનીમાં દાખલ થઇને દેહ પ્રાપ્ત કરે છે

૨. જ્યારે જીવની અવગતિ થાય.મૃત્યુ બાદ જે જીવને ઉપરના બે શરીરમાંથી કોઇ જ શરીર પ્રાપ્ત નથી થતું ત્યારે તે ભૂત તરીકે જુદા-જુદા ક્ષણજીવી દેહો ધારણ કરીને ભટકતો ફરે છે.આકસ્મિક રીતે મૃત્યુ પામેલા જીવો કુટુંબના સગાસંબધીઓનાં શરીરમાં પવનરૂપે પ્રવેશીને પોતે ક્યાં છે?પોતાના માટે ઘર નથી ;ઘરની માગણી કરવી વગેરે સૂચનો આપે છે. સગાસંબધીઓ ભેગા મળી ‘હોવર્યો’(ભટક્તો જીવ શોધી કાંઢી જડ પદાર્થમાં તેને સ્થાન અપાવનાર આદિવાસી સાધુ)લાવીને મૃતાત્માનો જીવ શોધીને પાળિયા કે ખાંભીમાં બેસાડી તેની પૂજા કરે છે.તેને ભોગ ધરે છે.આ’હોવર્યો’જીવ સ્વરૂપે માટીનું પિંડ  ઊચકે છે.આ માટીના પિંડને જ તે મૃતકનો જીવ જાહેર કરે છે.આ મૂઠીભર માટી વિશે એને ઊંચકીને ઘર સુધી લાવનારાઓ કહે છે કે એક જીવંત વ્યક્તિને ઊંચકીને લાવતાં જેટલું કષ્ટ થાય છે તેટલું જ કષ્ટ,વજન એ માટીને ઉપાડતા અનુભવાય છેછે ઊંચકનારને શરીરે પરસેવો આવી જતો હોય છે ત્યારે લોકો માને છે કે સામેથી મૃતકને જીવ ઘર સુધી આવ્યો છે.

૩.જ્યારે કોઇ ગર્ભવતી સ્ત્રી મૃત્યુ પામે છે ત્યારે જો એ શબને આમ જ દાટી કે બાળી દેવામાં આવે તો તે ચૂડેલનું રૂપ ધારણ કરે છે એવું માનવામાં આવે છે.એટલે કે એ ગર્ભસ્થ બાળક માતાનું અડધું શરીર તેની સાથે રાત્રિના સમય દરમિયાન લઇને ફરતું હોય છે એ અર્ધશરીર ધારણ

કરીને ફરતુ હોય છે તેમાં માત્ર જોનારને પ્રકાશ જ દેખાતો હોય છે એવું ભીલો માને છે.

### *૧.૫. કુકરમુંડા તાલુકામાં વસતા વસાવા સમાજના તહેવારો*

ભારત દેશ વિવિધાતાનો દેશ છે. અહી દરેક પ્રકારના લોકો વસે છે. દરેક જાતિના, ધર્મના, કોમના લોકો વસવાટ કરે છે. દરેક લોકો અલગ-અલગ તહેવારો મનાવતા હોય છે. તેવી જ રીતે ગુજરાતમાં કહો કે આખા ભારત દેશમાં દિવાળી, હોળી વગેરે તહેવારો મુખ્યત્વે મનાવવામાં આવે છે. દરેક તહેવારનું  પોતાનું આગવું વિશેષ મહત્વ રહેલું છે. પરંતુ ભારતમાં વસતી આદિવાસી પ્રજા આ બધાજ તહવારો સાથે પોતાના પૂર્વજોથી ચાલી આવતા તહેવારો પણ ઉજવે છે. ગુજરાતમાં તાપી જિલ્લામાં વસવાટ કરતાં આદિવાસીઓના તહેવારો પણ અલગ-અલગ છે. જેમ બાર ગામે બોલી બદલાય છે તેમ આદિવાસીઓના તહેવારોનું  પણ છે. બારગામે તહેવારો બદલાય છે. કુકરમુંડા તાલુકો તેમજ નિઝર તાલુકામાં પણ વસાવા સમાજ પોતાના વિશેષ તહેવારો ઉજવે છે. જે નીચે મુજબ છે.

#### *(૧) આડવો લાકડો (આડું લાકડું)*

આ તહેવાર વરસાદના આગમન પછી ઉજવવામાં આવે છે. વરસાદના આગમન પછી ગામના પટેલ એટલે કે ગામના લોકોએ નક્કી કરીને બનાવેલ માણસ જે કઈક થયું હોય તો સૌને ભેગા કરે છે. ગામના સૌ

ભેગા મળી ગામની બહાર કોઈ એક ચોક્કસ જગ્યાએ હોળીનો તહેવાર આદિવાસીઓનો ધામ-ધૂમથી મનાવાતો તહેવાર છે.

પછી આડવા લાકડા(આડું લાકડું)ની પૂજા કરવામાં આવે છે. જેમાં ગામના લોકો ભેગા થઈ કરે છે.

*(૨) વાગદેવ (વાઘદેવ )*

'આડવો લાકડો' ની જેમ જ આ તહેવારોને પણ ગામની બહાર ઉજવવામાં આવે છે. પરંપરાગત ઉજવણીના સ્થળ પર જઈને ત્યા આ તહેવાર ઉજવવામાં આવે છે. અન્ન અને દારૂની છાક પાડીને તથા મરઘાની બલી ચઢાવીને વાગદેવની વિધિ કરવામાં આવે છે. અને ગામના કોઈ પણ બે વ્યક્તિઓને વાઘ બનાવવામાં આવે છે જેમને વાઘ બનાવી અને તેમના ખિસ્સામાં ચોખાના ગોળા બનાવીને મૂકવામાં આવે છે. બેઉ વાઘની પૂજા કરવામાં આવે છે. પૂજા વિધિ પત્યા પછી બેઉ વાઘને ભગાડવામાં આવે છે. અને ગામના લોકો તેમની પાછળ ઢેફાં લઈને મારવા દોડે છે. અને બૂમો મારતા જાય છે કે,

'વાગ રે વાગ,વાગ રે વાગ,વાગ રે વાઘ ,

'વાગ ડાહે મોગે લેતો જાજે'

હા..હા.. હા .... ..

આ આખી વિધિ પત્યા પછી આખા ગામમાં પાલ (લોકો પોત-પોતાના ઘરે અવનવું જમવાનું બનાવી અને બીજે સંબંધીઓના ઘરે એક ટોપલીમાં જમવાનું મૂકી લઈ જાય છે તેને 'પાલ' કહેવામાં આવે છે.) એક બીજાના ઘરે જમવાનું આપીને આ તહેવારની ઉજવણી કરતાં હોય છે. આ તહેવારનું મહત્વ ખૂબ જ રહેલું છે.

*(3) લીલી ચારી*

આ તહેવાર વરસાદના પડી ગયા પછી જ્યારે પહલું ઘાંસ ઊગી નિકળે છે તેના પછી આ તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવારમાં ગામના ઢોર-ઢાંકરા જે કઈ ઘાંસ-ચારો ચરે છે જેનાથી તેમને ઝાડા ન થાય તે બીમાર ન પડે, ઉપરાંત ગામના લોકો જે કઈ ખેતરની કે જંગલના લીલા ફળ કે પાકા જે કઈ ખાય છે તેનાથી તેમને નુકસાન ન થાય તેના માટે થઈ આ તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવારની ઉજવણી પછી જ ખેતરની કે જંગલમાની વસ્તુઓ આરોગી શકાય છે. એટલે જ 'લીલી ચારી'નું આગવું મહત્વ રહેલું છે.

*(૪) ગોવાલદેવ*

આ તહેવારનું પણ વિશેષ મહત્વ છે 'ગોવાલદેવ' ના દિવસે ગામમાં જે ગોવાળિયા રહે છે એમના દિવસ તરીકે તે ઉજવાય છે. એની પૂજા કરવામાં આવે છે. તેમજ ખેતીને લગતા જે ઓજારો છે જેવા કે દાંતરડો,

હળ, બળદ, ત્રિકમ, પાવડો, કોદાળી વગેરે જે કઈ ખેતીના સાધનો છે તેમની પણ પૂજા કરવામાં આવે છે અને એ દિવસે ગોવાળને અને ગામના લોકો પણ ખેતરના કામમાં રજા મનાવે છે. એટલે કે 'દીહ પાલતે' એવું બોલીમાં કેહવામાં આવે છે. આ દિવસે ખેતીનું કોઈ પણ કામ કરવામાં નથી આવતું અને સૌ ભેગા મળીને આ તહેવાર ઉજવે છે. અને આગળ જોયું તેમ આજના દિવસે પાલની પ્રથા પણ માનવાય છે.

*(૫) 'ગાંવ દિવાલી'-(ગામ દિવાળી)*

'ગાંવ દિવાલી' તહેવારમાં દરેક તહેવારની જેમ આગલા દિવસે પટેલ આખા ગામને ભેગા કરે છે અને ઉજવણીની વાત કરે છે. ગામના કોઈ બે સભ્યો ભેગા મળી અને આખા ગામમાં ઘરે-ઘરે જઈને અનાજની ઉઘરાણી કરે છે. દરેક ઘરેથી ચોખા, દાળ, શાકભાજી, જે કઈ આપવું તે આપે છે.અને ગામની બહાર આ તહેવાર ઉજવતી વખતે પૂજા-વિધિ થાય છે જેમાં પૂર્વજોને નામે અને ભગવાનના નામે કૂકડાંની બલી ચઢાવવામાં આવે છે, દારૂની છાક પાડવામાં આવે છે અને દાણાની  પૂજા કરવામાં આવે છે. જે કઈ ઉઘરાવીને લાવ્યા હોય એ ઉઘરાણીને ગામના વડીલો ભેગા મળીને રાંધે છે અને બપોરે ભંડારો કરી આખા ગામને ખવડાવે છે.

ઉપરાંત સાંજના સમયે બધા પોત-પોતાના ઘરેથી કરસાટો સળગાવી અને ગામની બહાર જે કોઈ ઝાડ હોય તેની ઉપર સળગતો કરસાટો ફેકવા દૌડે છે. અને સાથે બૂમો મારતા મારતા દોડે છે કે,

“જાજે દિવાલી આવજે ઓલી રે ”

આમ,આ તહેવાર વિશેષ રીતે ઉજવાય છે અને પહેલા પાડો કે બોકડાની બલી ચઢાવતા તે છોડી હાલ કૂકડાની બલી ચઢાવવામાં આવે છે.

*(૬) ‘ઓલી’ (હોળી)*

‘ઓલી’ તહેવારનું ખુબજ મહત્વ રહેલું છે. ભીલો હોળીને ‘ઓલીબાય’ કહે છે. એક કિંવદંતી અનુસાર સાતપૂડાના પ્રાચીન દાબ રાજ્યના રાજાની સાત દીકરીઓ હતી. તેમાં દોહરી, દિવાળી, ઓલી, યાહામોગી, રાણીકાજલ વગેરેના નામો મળે છે. આ દરેક પાસે ‘દાબમડલ’ના સાત નાના નાના રાજ્યોની જવાબદારી હતી. રાણીકાજલ પાસે વરસાદ અને પાણી અંગેનું જ્ઞાન હતું. યાહામોગી પાસે અન્ન અને ખેતીનું જ્ઞાન હતું. તેવી હોળી પાસે પ્રેમ, શ્રુંગાર અને સંસારજીવનનું જ્ઞાન હતું. કહેવાય છે કે આ બધી બહેનો સાત રાજ્યોની પ્રજાને પોતાના જ્ઞાન વડે માર્ગદર્શન આપતી. પરિણામે પ્રજાને તેમના પ્રત્યે આદરભાવ હતો. તેમાંથી જ તેમને માતાનું સ્થાન લોકોએ આપ્યું. આ તહેવારની ઉજવણી કરવા માટે દરેક આદિવાસી તલપાપડ હોય છે. કેમ કે આ નાચનો તેહવાર

છે. અને નાચ તો આદિવાસીઓનું આગવું અંગ છે. આ તહેવારની ઉજવણી કુકરમુંડા તાલુકામાં વીસ દિવસ સુધી ઉજવાય છે. પહેલા એક મહિના સુધી આ તહેવાર ઉજવવામાં આવતો. હાલ વીસ દિવસનો તહેવાર બન્યો છે.

હોળીના પર્વની શરૂઆત 'કાંડયો' રોપવાથી થાય છે. કાંડયો એટલે કે ઝાડની ડાળીને હોળીના પંદર દિવસ પેહલા રોપવામાં આવે છે. રોજ ગામના દરેક લોકોના ઘરે હોળીના ગીતો ગવાય છે અને લોકો નાચતા હોય છે. હોળીને પાંચ દિવસ બાકી હોય છે ત્યારે ગામના પટેલ અને નક્કી કરેલ સભ્યો સાથે જંગલમાં જઈને વાંસની હોલી લઈ આવે છે અને રોપે છે. પંદર દિવસથી ગામનું હરકોઈ આવીને કાંડયાની ફરતે સાત કા તો નવ વખત ગોળ-ગોળ ફરી અને છાણાં મૂકી જાય છે. અને પોતાના દુ:ખને હોળી લેતી જાય અને સુખ-શાંતિ બની રહે તેની પાર્થના કરે છે. આવું હોળીના આગલા દિવસ સુધી ચાલે છે.

જે રાત્રે હોળી બાળવાની હોય એ રાતે આખા ગામના બાળકો, યુવાનો અને કેટલાક વડીલો દરેક ઘર આગળ જઈ હોળી ગીતો ગાઈને નાચે છે. અને ઘરમાંથી જે કઈ આપે તે લે છે જેમ કે દાણા કે રૂપિયા. અને આખા ગામમાં બધા ઢોલકના તાલે નાચે છે. ને ગામની સ્ત્રીઓ, યુવતીઓ હોળી ગીતો ગાય છે. અને પછી સવારે ૩ થી ૫ વાગ્યાની આસ-પાસ હોળીને સળગાવવામાં આવે છે.

હોળીને સળગાવવાની હોય એના આગલા દિવસે હરકોઈ ગામના દરેક પરિવારનુ એક સભ્ય બજારમાં જઈ હારડાં, કોપરું, ખજૂર, મમરા, દાળિયા, ફૂલ, નારિયેળ, ગોળ વગેરે વસ્તુઓ લઈને આવે છે. અને નવી-નકોર ટોપલીમાં ચોખ્ખા કપડાથી ઢાંકીને મૂકે છે. હોળીને બાળ્યા પછી આ બધી જ વસ્તુઓ થોડી થોડી લઈ જઈને અને બળતી હોળીમાં નાખવામાં આવે છે. પછી જ એને બીજે આરોહી શકાય છે. ઉપરાંત સવારે ગામના પટેલ અને બીજા એક સભ્ય ફરી ઘરે-ઘરે જઈ અને હોળીનો બજાર ઊઘરાવે છે. અને આ જ બજાર સવારે હોળીને ત્યા બધાને વહેચવામાં આવે છે.

આ દિવસે પણ પાલ તૈયાર કરી અને સંબંધીઓના ઘરે હોળીના બજાર સાથે પાલ પણ આપવામાં આવે છે. હોળી બામણ ગણાતી હોવાથી આ તહેવારમાં કોઈ બલી ચઢાવવામાં નથી આવતી પરંતુ ખાવા માટે લોકો કૂકડાં-મરઘાં મારીને ખાય છે. અને છાક પાડે ત્યારે ભગવાનને બલી નથી ચઢાવાતી પરંતુ પૂર્વજોને દારુની છાક તેમજ બીડી આપવામાં આવે છે. આમ, આખો દિવસ સુધી ગોસાણા ગેરીયા નાચે છે. અને છઠ્ઠે દિવસે હોળીને હોલવવામાં આવે છે.

*(૭) 'ગિમદેવ'*

આ તહેવાર ગગમની અંદર ઉજવવામાં આવે છે. તેમજ શિવરાત્રીના દિવસે આ તહેવાર ઉજવાય છે. આ તહેવારમાં ગાય, ભેસ, બળદ, બકરાનું જે નિવાસસ્થાન છે(ગોવાણ) તેને પૂજવામાં આવે છે. તેમજ ગામમાં મનાતા અને જે વિધિના જાણકાર છે એમને બોલાવી કુંવારી વાંસડી(વાછરડું)ના પેસાબને બીલીપત્ર દ્વારા આખા ગવાણમાં તેને છાંટીને પૂજા કરવામાં આવે છે. આ જાણનાર દરેકના ઘરે જઈને પૂજા-વિધિ કરે છે જે પૂજા-વિધિ પોતાના જનાવરોના રક્ષણ માટે કરાવવામાં આવતી હોય છે.

***(૮) ચૌરી અમાસ***

આ તહેવારમાં  બળદોને શણગારી આખા ગામમાં દોડાવવામાં આવે છે. બળદની પૂજા કરવામાં આવે છે. ઉપરાંત ભગવાન, પૂર્વજો, ઘરમાંથી કોઈ વ્યક્તિ મરી ગયું હોય તેના અથવા સગાના નામે એમ પાંચ અલગ-અલગ ભાગ પાડીને જમવાનું મૂકવામાં આવે છે. અને કૂકડાં-મરઘાની બલી ચઢાવી દારુની છાક પાડવામાં આવે છે. આમ, આ તહેવાર ઉજવવામાં આવે છે.



(પીપળ પૂજન કરતાં પૂજારી )





(વરરાજાને પાટલાં પર નંચાવતા સગા)



(સ્મશાન વિધિ કરતાં ગામના વડીલ)



( સ્મશાને બારમાની વિધિ કરતાં ગામના વડીલ)



**(ખળાનું પૂજન કરતાં ગામના લોકો અને બાળકો )**





**આભૂષણોથી સજેલ વસાવા બહેન**

**વસાવા સમાજનું ઘર**





***વસાવા સમાજનો પહેરવેશ***



*પૂર્વજોને છાક પાડતું દંપતી અને ઘરના બાળકો*



**સ્મશાને મૃત્યુની વિધિ કરતા ગામના વડીલો**



હોળી રોપતા સૌ નાના મોટા ગ્રામજનો





ગીમદેવની પૂજા કરતા ગામના પૂજારી અને બાળકો.(ગવાણની

પૂજા)



ખળાની પૂજા કરતા પૂજારી અને ગામજનો

# *સંદર્ભ:*


(૧) "આદિવાસી ઓળખ" -ભગવાન દાસ પટેલ , આવૃત્તિ-૧૯૯૯, માહિતીખાતું,

ગુજરાત રાજ્ય.

(૨) કુકરમુંડા તાલુકા પંચાયત

(3) "આદિવાસી અભ્યાસ"- જિતેન્દ્ર વસાવા, આવૃત્તિ -૨૦૧૩ ,પૃ. નં-૪

એજન-૫

એજન- ૧૪

એજન -૨૩

(૪) "ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ"-લેખન-સંપાદન: દુર્ગેશ ઉપાધ્યાય, પ્રથમ આવૃત્તિ -નવેમ્બર, ૨૦૧૪ પૃ. નં. ૧

એજન- ૨

એજન -3

(૫) 'આદિલોક' દ્વૈમાસિક જુલાઇ, ૨૦૧૧

(૬) "ગુજરાત દર્શન" – પૃ. નં. ૧૪૦

(૭) "રાજના આદિવાસી છેલિયા"- ડૉ. જયાનંદ જોશી પૃ. નં.૩૨

(૮) "મેવાસની લોકસંસ્કૃતિ"- શંકરભાઇ તડવી પૃ.૧૬

(૯) દક્ષિણ ગુજરાત કી જનજાતીય બોલિયાં ઉદ્ભવ ઔર વિકાસ – ડૉ. મધૂકાર પાડવી, આવૃત્તિ-૨૦૧૫, પૃ. નં. ૧૨

(૧૦) આદિવાસી ઉત્થાન પડઘમ અને પડઘાં -લેખકો-જ. મ. મલકાણ, સી. ડી.પરીખ. આવૃત્તિ -૧૯૯૯, પૃ. નં. ૨૮

એજન- ૨૯

માહિતીદાતા:

| ક્રમ | નામ | ગામ | ઉંમર | અભ્યાસ |
|---|---|---|---|---|
| ૧. | વસંતભાઇ છાબાભાઈ વળવી | ઉમજા | ૫૩ | ૭ ધોરણ |
| ૨. | બંદીલાલભાઈ જાબચાંભાઈ વળવી | ઉમજા | ૫૪ | નિરક્ષર |
| ૩. | આત્મારામભાઈ પાડવી | પીપરીપાડા | ૬૭ | નિરક્ષર |
| ૪. | જીવનદાસભાઈફકીરાભાઈ વળવી | બેજ | ૪૫ | ૧૨ ધોરણ |